

**તા. ૧૫/૮/૨૫ : સ્વાતંત્ર્ય દિનની ઉજવણી :** શાળામાં ૭૯ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિતે કાર્યક્રમનાં **મુખ્ય મહેમાન શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ડૉ. કેતન એન. ગાંધી** (B.Sc., M.Sc., Ph.D. in Organic Chemistry, Clinical Research) Principal & Ass. Professor, Iqra Science College, Bharuch અને **જાનવી સિસોદીયા** (C.A.) નાં વરદ્ હસ્તે કરવામાં આવી હતી.

આ પ્રસંગે શાળાનાં પૂર્વ પ્રાથમિક ગુજરાતી અને અંગ્રેજી માધ્યમનાં નાંનાં ભૂલકાઓએ ભારતની આઝાદીમાં મુખ્ય ભૂમિકા ભજવનાર ક્રાંતિકારીઓની વેશભૂષા રજૂ કરી હતી. સાથે અન્ય ધોરણનાં વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીત અને નૃત્ય રજૂ કર્યા હતાં. શાળાનાં SPC નાં વિદ્યાર્થીઓ દ્વારા પરેડ યોજાઇ હતી. અંતમાં મહેમાનશ્રીઓ તથા શાળાનાં ડાયરેકટરશ્રી ડૉ. ભગુભાઇ પ્રજાપતિ દ્વારા પ્રસંગોચિત ઉદ્‌બોધન થકી વિદ્યાર્થીને સફળ નાગરિક બનવાનાં અને દેશને પ્રગતિનાં પંથે લઇ જવાની હાકલ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી બિનિતાબેન ગોહિલ(આચાર્ય ગ્રાન્ટેડ વિભાગ), શ્રીમતી વિદ્યાબેન રાણા (આચાર્યા અં.મા.), શ્રી જિજ્ઞેશભાઇ જોષી (આચાર્ય ગુ.મા.) તથા શાળાનાં શિક્ષકો શૈલેન્દ્રસિંહ ગોહિલ, ઉર્વશીબેન જાની, સુરેશભાઇ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું. એનાઉન્સરની ભૂમિકા શાળાની વિદ્યાર્થીની વાળંદ નંદની (ધો. ૧૧ કોમર્સ ગુ.મા.) એ ભજવી હતી.





**તા. ૨૬/૧/૨૬ : ૨૬મી જાન્યુઆરી ૭૭ માં પ્રજાસત્તાક દિનની શાનદાર ઉજવણી :** શાળામાં **૭૭** માં પ્રજાસત્તાક દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી. જેમાં **મુખ્ય મહેમાન તરીકે શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની મા.શ્રી ધ્વનિ રાજેશભાઇ તાપિયાવાલા (B.Com, MBA (HR) Currently working in Medi Transcare Pvt. Ltd (J & J)** તથા **અતિથિ વિશેષશ્રી મા.શ્રી કેશા વિરેનભાઇ રામજીવાલા (B.Com,LLB)** મહેમાનશ્રીઓના વરદ્ હસ્તે ધ્વજવંદનવિધિ કરવામાં આવી હતી.

શાળાના વિદ્યાર્થીઓએ પર્વને અનુરૂપ દેશભક્તિ ગીતો તેમજ નૃત્ય રજૂ કર્યા હતાં. શિશુ વિભાગનાં ગુજરાતી/ અંગ્રેજી માધ્યમનાં બાળકોએ દેશભક્તોની વેશભૂષા ધારણ કરી પોતાની વાક્છટા દ્વારા બધાંને મંત્રમુગ્ધ કરી દીધાં હતાં. સાથે SPCનાં વિદ્યાર્થીઓએ સુંદર પરેડ રજૂ કરી હતી. અંતે મહેમાનશ્રીઓ તથા શાળાનાં મા. શ્રી ડૉ. ભગુભાઇ આઇ. પ્રજાપતિ દ્વારા પ્રસંગોચિત ઉદ્‌બોધન કરાયું હતું. દેશભક્તિનાં નારાથી સમગ્ર વાતાવરણ ગૂંજી ઉઠ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી જિજ્ઞેશભાઇ જોષી (આચાર્ય, નોન ગ્રાન્ટેડ વિભાગ ગુ.મા.), શ્રીમતિ બિનીતાબેન ગોહિલ (આચાર્યા,ગ્રાન્ટેડ વિભાગ ગુ.મા.), શ્રીમતિ વિદ્યાબેન રાણા (આચાર્યા, અં.મા.),રજનીબેન અને કંચનબેન પરમાર તથા SPC પ્રવૃત્તિનાં સંચાલક શ્રી સુરેશભાઇ પ્રજાપતિ અને શૈલેન્દ્રસિંહ ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું.

**સ્વર્ગ મેળવવા જરૂર નથી મરવાની, ભાવના હોય એકબીજાને મદદ કરવાની.**
**જેનું મન સાચું હોય, એનું દરેક કામ સારું હોય.**
**સૂર્યને ફરતાં બાર કલાક લાગે, માણસને ફરતાં એક સેકન્ડ લાગે.**
**સાગરના મોતી શોધવા સહેલા, માણસના મન સમજવા અઘરા.**
**જિંદગી જે શીખવે શીખી લેવાય, કયો પાઠ કયારે કામ લાગી જાય.**
**'પ્રેમ' હેતુ જ્યાં સ્પષ્ટ હોય, સેતું આપોઆપ બંધાય.**